આપણું પોતાનું અખબાર

સ્વદર્શન એ જ સુદર્શન છે, સુદર્શન ને પ્રદર્શનની જરૂર હોતી નથી
- સ્વામી ચૈતન્ય

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૨ | ૨૧ જુલાઇ ૨૦૧૨, શનિવાર, શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# યુપીએ સરકાર લકવાગ્રસ્ત બની છે : અડવાણી

## ગાંધીનગરની ટૂંકી મુલાકાતે આવેલ ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની પત્રકારો સાથે વાત

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્રની યુ.પી.એ. સરકારમાં ઉભી થયેલી મડાગાંઠ અંગે પ્રતિક્રિયા આપતાં ભાજપના વરિષ્ઠ નેતા અને સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર લકવાગ્રસ્ત બની ગઈ છે.

ગાંધીનગરની ટુંકી મુલાકાતે આવેલા શ્રી લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું હતું કે યુ.પી.એ.ના ઘટક દળોની લડાઈથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેવું તેમણે જણાવ્યું હતું.

શ્રી અડવાણીએ જણાવ્યું હતુ કે યુ.પી.એ. સરકાર સત્તા પર આવી ત્યારે એવુ કહેવાતુ હતુ કે ૨૧મી સદીમાં ભારતની વિશ્વની આર્થિક



મહાસત્તા તરીકે ઉભરી આવશે પણ હાલ જે રીતે દેશની આર્થિક સ્થિતિ કથળી રહી છે તે ચિંતાજનક છે એટલુ જ નહિ પણ કોંગ્રેસ પક્ષે આ મુદે આત્મમંથન કરવુ જોઈએ એમ હું માનુ છુ.

રાહુલ ગાંધીને નવી જવાબદારી સોંપવાની વાત કે ગુજરાતના વર્તમાન રાજકીય પ્રવાહો વિશે કંઈ પણ ટીપ્પણી કરવાનું ટાળી તેઓએ ચાલવાનુ શરૂ કરી દીધુ હતુ.

જોકે તેઓ આમ તો ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ અને મોનીટરીંગ કમિટીની બેઠકમાં હાજરી આપવા માટે જ આવ્યા હતા. સાંસદની રૂએ તેઓ આ કમિટીના ચેરમેન છે.

## સરકીટ હાઉસમાં અડવાણી અને મોદી વચ્ચે અડધો કલાકની ચર્ચા

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ભાજપમાં રાજકીય પરિવર્તન વચ્ચે ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી અને ગુજરાતના મુખ્યમંત્રી વચ્ચે મુલાકાત યોજાઇ હતી જેને સૂચક માનવામાં આવે છે. એવું સમજાય છે કે આ બન્ને નેતાઓ વચ્ચે કેશુભાઈ પટેલ અને તેમના સાથી નેતાઓની એન્ટી પાર્ટી એક્ટિવીટી અંગે ચર્ચા થઈ છે.

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક સુધી દૂરી હતી તે દૂર થતી જણાઈ રહી છે. તાજેતરમાં અડવાણીએ તેમના બ્લોગમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. તે પછી મોદી અડવાણીને બે વાર મળી ચૂક્યાં છે. મોદી જ્યારે દિલ્હીમાં નિતીન ગડકરીના પ્રસંગમાં ગયા ત્યારે અડવાણીને મળ્યા હતા. આજે અમદાવાદમાં બન્ને નેતાઓ એકત્ર થયાં છે.

ગાંધીનગરના સાંસદ તરીકે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ઉપસ્થિત રહેલા અડવાણીએ અમદાવાદ સરકીટ હાઉસમાં અડધો કલાક મોદી સાથે ચર્ચા કરી હતી. આ બન્ને નેતાઓની મુલાકાત પછી અટકળોનો

● અનુસંધાન પાન-૭ પર

**બન્ને નેતાઓ વચ્ચે કોઇ મતભેદ નહીં હોવાનો રૂપાલાનો દાવો કેશુભાઇ મામલે અને ચૂંટણી સબંધિત ચર્ચા થઇ હોવાની અટકળો**


**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬










